Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# ગુજરાત વિધાનસભા – 2017 ચૂંટણીનું વિશ્લેષણ

**પટેલ પ્રતિકકુમાર ચંદ્રકાંત**

**પીએચ. ડી. સ્કૉલર, ડિપાર્ટમેંટ ઓફ પોલિટિકલ સાયન્સ**

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**

E-mail : patelpratik1984@gmail.com

તાજેતરમાં થયેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પરિણામો પર રાજકીય વિશ્લેષકોએ પૃથક્કરણ કરી કરીને એના મનફાવે એવા અર્થ કાઢવામાં કોઈ કમી ન રાખી. ચૂંટણીને આજે એક લાંબો સમય વીતી ચૂક્યો છે, એ પછી પણ એની અસરો તો ચાલુ રહેવાની જ. એ માટે નહીં કે એનું પરિણામ કોઈક રીતે અનપેક્ષિત હતું. હકીકતમાં તો આ પરિણામ અપેક્ષિત જ હતું. ભારતીય જનતા પાર્ટીને (ભાજપ) તો જીતવું જ હતું. અને એ પક્ષ જીત્યો પણ. પરંતુ એ જીત નિર્ણાયક રીતે ન હતી ; એ પક્ષે કોંગ્રેસને જરૂર હરાવ્યો છે, પણ એનું નિકંદન કરી શકયો નથી ; કોંગ્રેસ ને ફટકો પડ્યો છે ખરો પણ એ અટકી ગયો નથી.

ગુજરાતની ચૂંટણીઓ જીતીને, ભાજપ હવે ભારતના 29 રાજ્યોમાંથી 19 રાજ્યો પર સત્તા ચલાવશે, ઉપરાંત સંસદમાં એની બહુમતી તો છે જ. બે દાયકા પૂર્વે, કોંગ્રેસ પક્ષની 26 રાજ્યોમાથી 16 રાજ્યોમાં પોતાની સરકારો હતી. શું ભારતને મુખ્ય વિરોધ પક્ષ રહિત દેશ બનાવવાનું, ભાજપનું 'કોંગ્રેસ - મુક્ત ભારત' સ્વપ્ન મૂળ આયોજન પ્રમાણે આગળ ધપી રહ્યું છે ? ગુજરાત રાજ્ય જ્યાં ભાજપે સતત બે દાયકાઓથી વર્ચસ્વ ટકાવી રાખ્યું છે. ત્યાંના 182 સભ્યોની વિધાનસભામાં બે તૃતીયાંશ બહુમતી જીત્યા હોવા છતાં ભાજપે 99 બેઠકો મેળવી અપેક્ષા કરતાં ઘણી ઓછી કહેવાય અને જે

સામાન્ય બહુમતિથી ફક્ત સાત બેઠકો વધારે અને વિધાનસભા ચૂંટણીમાં મેળવેલ બેઠકો કરતાં ઓછી છે. આમ, એની મત સંખ્યામાં બહુ સામાન્ય વધારો થયો છે. ગુજરાત રાજયમાં એને મળતો ટેકો યથાવત અડીખમ રહ્યો છે. વિરોધી ચળવળો કે પુન: સંયોજિત કોંગ્રેસ પક્ષ એને ક્ષીણ કરી શકયા નથી.[1]

રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં જે સામાજિક પરિબળો અસરકારક રહ્યા, તેમાં પાટીદાર યુવાનોનો અસંતોષ મહત્વનુ કારણ છે. જેનું મુખ્ય કારણ એ છે કે તેમને જે પ્રકારની રોજગારી મળવી જોઈએ, એ પ્રકારની રોજગારી મળી રહી નથી. અત્યારે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા પાટીદારોની શહેર તરફ ની ગતિ વધી ગઈ છે. તેના કારણે પાટીદાર યુવાનોમાં શિક્ષણનું પ્રમાણ પણ ખાસ્સું વધ્યું છે. જેઓ એવું ઈચ્છે છે કે તેમણે વધારે પ્રમાણમા શહેરોમાં રોજગારી પ્રાપ્ત થવી જોઇએ, જે નથી મળી રહી. ગુજરાતનાં રાજકારણમાં 1990 પછી થી પાટીદારો ભાજપની કરોડરજ્જૂ રહ્યા છે. જેના કારણ ભાજપને ખાસ્સો ટેકો મળ્યો છે. જે આ ચૂંટણીમાં ઘટ્યો હોય તેવું લાગ્યું. પરિણામે ભાજપે એવો પ્રયત્ન કર્યો કે  પટેલોના જે મત ગુમાવવા પડે, તે અન્ય પછાત જ્ઞાતિઓના મત સાથે સરભર થઈ જાય. પણ પરિણામો પરથી એવું થયું હોય એવું લાગતું નથી. બીજી તરફ, સૌરાષ્ટ્રની ભાજપની બેઠકોમાં જે નોધપાત્ર ફરક પડ્યો છે. તેમાં ખેતીવાડીના અને રોકડિયા પાકોના પૂરતા ભાવ ન ઉપજવા અને સરકાર દ્વારા ટેકાના સંતોષકારક ભાવ ન આપી શકાવાના કારણે અસંતોષ ફેલાયો.[2]

આ સિવાય ઉનાકાંડ પછીથી દલિતોમા અસંતોષ વધ્યો. જે આ ચૂંટણીમાં પ્રતિબિંબિત થાય છે. દલિત નેતા જિગ્નેશનો વિજય અને જાહેર જીવનમાં તેનું ઉત્થાન એ નોધપાત્ર ઘટના છે. જેનું કારણ એ છે કે દલિતોને એવું લાગ્યું કે તેમનો અવાજ ઊભો થયો છે. તેમણે વાણી મળી છે. આ તમામ નુકશાનને ખાળવા માટે ભાજપે આદિવાસી વિસ્તારોમાં પણ ખૂબ પ્રયત્નો કર્યા છે. પરંતુ ત્યાં ભાજપની ધારણા મુજબ કોંગ્રેસનું વર્ચસ્વ ઘટ્યું નહી. આખી પૂર્વ પટ્ટી સહિત રાજ્યમાં સરેરાશ 15 ટકા વસ્તી આદિવાસીઓની છે. જેના પર કોંગ્રેસનો પ્રભાવ યથાવત રહ્યો છે.[3]

1985 માં અનામતનો વિરોધ કરવામાં આગળ પડતી પટેલ જ્ઞાતિના આજના યુવાનોને એવું લાગે છે કે અનામતના કારણે તેમને રોજગારી અને શિક્ષણના લાભ

મળતા નથી. તેના કારણે અસંતોષ છે. રાજ્યમાં જે વિકાસની વાતો કરવામાં આવે છે. એ વિકાસમાં રોજગારીની તકોનું જે સર્જન થવું જોઇએ તે ન થઈ શક્યું. જે ઉદ્યોગો વધ્યા છે, તે પણ મોટા ઉદ્યોગો છે. અને એટલે તેમાં યંત્રિકીકરણ વધારે હોય છે. તેના કારણે જેટલી રોજગારી ઊભી થવી જોઈએ એટલી ઊભી થઈ શકી નહીં; એટલે વિકાસ ગાંડો થયાનું જે સૂત્ર ચાલ્યું, તેની પાછળ આજ ભાવના હતી. ભલે ફરી વખત ભાજપની સરકાર બની રહી છે, છતાં 150 ના લક્ષ્યાંક નક્કી કર્યો હોય, તેની સામે અપેક્ષા કરતાં સરેરાશ ત્રીજા ભાગનું નુકશાન ભોગવવું પડ્યું છે. જ્યારે 2012 માં જે 115 બેઠક હતી તેના કરતાં પણ બેઠકો ઘટી છે.[4]

ગુજરાતની આ ચુંટણીમાં પહેલી જ વખત મંદિર દર્શન મહત્વનો મુદો બન્યો. અને ધર્મસ્થાનમાં કદી પગ ન મૂકનારા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ગુજરાતનાં નાના - મોટા. મળીને કુલ 29 મદિરમાં દર્શન કરીને પોતાની આસ્તિકતા સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો. સોમનાથ મંદિરના રજીસ્ટરમાં રાહુલ ગાંધીએ પોતાનું નામ બિન-હિન્દુ મુલાકાતી તરીકે નોધાવ્યું એમાં કશી ભૂલ નથી. રાહુલ ગાંધી પારસી ફિરોજ ગાંધીના પૌત્ર છે અને ખ્રિસ્તી માતા સોનિયા ગાંધીના દીકરા છે. પોતાની જાતને જનોઈધારી હિન્દુ અને શિવભક્ત હોવાનું કહીને રાહુલ ગાંધીએ તદ્દન ખોટી છાપ ઊભી કરી છે અને કટ્ટરપંથી હિંદુત્વવાદીઓને પ્રોત્સાહન આપ્યું છે. ભારતના રાજકારણ જોડે ધર્મને સાંકળી લેવાનો આરોપ ભાજપ અને ખાસ કરીને વિશ્વ હિન્દુ પરિષદ પર મૂકવામાં આવે છે અને એ માટે સંઘ પરિવારને બદનામ કરનારા કોંગ્રેસી આગેવાનો પોતાને હમેશાં બિનસાંપ્રદાયિક (સેક્યુલર) ગણાવે છે. આ વખતે ચુંટણી જીતવાના ક્ષણિક મોહમાં રાહુલ ગાંધીએ પોતાના પક્ષના મૂળભૂત અભીગમને નકારી કાઢ્યો છે. અને અપ્રામાણિક ધાર્મિકતાનો આશરો લીધો છે.[5]

જુદા જુદા જૂથોનું પ્રતિનિધિત્વ કરતાં ત્રણ યુવાનોએ મોટી સંખ્યામાં લોકો અને પ્રસાર માધ્યમોનું ધ્યાન પોતાની તરફ ખેંચીને મોદી સરકારની મોહિની માંથી તેઓને મુક્ત કરવાના પ્રયાસમાં કોંગ્રેસને મદદ કરી હતી, પણ એટલું પૂરતું ન હતું. દલિત વકીલ જિગ્નેશ મેવાણી જે ઊનામાં દલિતો પર થયેલ હુમલા પછી ઘણો પ્રખ્યાત થયો, હાર્દિક પટેલ જેણે પાટીદાર સમુદાયને ભાજપ વિરુદ્ધ મત આપવા ઉશ્કેર્યો અને અલ્પેશ

ઠાકોર જેણે રોષે ભરાયેલા પછાત વર્ગોના એક વિભાગના હિતમાં અવાજ ઉઠાવ્યો હતો, એ ત્રણેય યુવા નેતાઓએ ગુજરાતની ચુંટણીને ઘણી રસપ્રદ બનાવી અને રંગ પૂર્યા. પરંતુ એક વાત ત્યારે પણ સ્પષ્ટ હતી અને અત્યારે તો વધુ સ્પષ્ટ છે કે સંયુક્ત રીતે હોય કે જુદા જુદા, એ ત્રણે એકમત વિકલ્પનો ભાગ નથી. એવું બને એવી શક્યતાઓ ખરી પરંતુ અન્ય વંચિત વિભાગોનો જેમાં સમાવેશ થાય એવા દષ્ટિકોણને સૂર આપનાર મેવાણી ને બાદ કરતાં, આ ત્રણેયને એક જૂથ બનવા પ્રેરે એવું કોઈ ખાસ કારણ દેખાતું નથી. તેઓમાં એક માત્ર સર્વ સમાન્યતા છે ભાજપ વિરુદ્ધ તેઓની હાંકલ.[6]

ભાજપની "અચ્છે દિન" અને "સબકા સાથ સબકા વિકાસ" ની નીતિઓએ જગાવેલી આશા અલોપ થઈ રહી છે. પણ, આડકતરી રીતે ફેલાવેલો અને અમુક સંજોગોમાં અફસોસજનક બનતો એનો સંદેશો, જે હિન્દુઓને મતદાન પેટીના માધ્યમથી "બદલો" લેવા ઉશ્કેરે છે, એ હજુય કારગર છે. પ્રગતિશીલ દળો માટે હવે પડકાર એ છે કે તેઓ મુસ્લિમો, દલિતો અને અન્ય વંચિત જૂથોને કહેવાતા હિંદુત્વવાદીઓ વિરુદ્ધના એક રાજકીય મંચ પર એકસાથે લાવીને બતાવે. ગુજરાતમાં કોંગ્રેશની નીતિએ રાજકીય રીતે નાદારી નોધાવી છે. તે ભાજપની હિંદુત્વની નીતિ સામે મુકાબલો કરવામાં નિષ્ફળ નીવડી છે અને એની નિસ્તેજ નકલ બની ગયી છે. જો આવનાર સમયમાં આ નીતિને નમૂના સ્વરૂપ લેવામાં આવે તો અંજામ કરૂણ નીવડી શકે. કારણકે બહુમતીવાદની રમતના મેદાનમાં તો હમેશાં ભાજપ જ બાજી મારી ગયું છે.

પાદનોંધ

1. નમૂના સ્વરૂપ ગુજરાત, ઇકોનોમીક એન્ડ પોલિટીકલ વિકલી, ડિસેમ્બર, 23, 2017.
2. યાજ્ઞિક અચ્યુત, વિરોધી આંદોલનો વધુ ઉગ્ર બનવાની શકયતા, દિવ્યભાસ્કર, 19 ડિસેમ્બર, 2017, પૃ. 8
3. એજન, પૃ. 8
4. એજન, પૃ. 8.
5. સંઘવી, નગીનદાસ, ગુજરાત ચૂંટણી: એક બાજી અનેરી...., ચિત્રલેખા, 1 જાન્યુઆરી, 2018, પૃ. 36.
6. ઈ.પી. ડબલ્યુ, પૂર્વોક્ત, પૃ. 7.